કામરેજમાં વેલનેસ સેન્ટરની આડમાં દેહવ્યાપાર ચાલતો હતો

પોલીસે છ ગ્રાહકને ઝડપી પાડી પાંચ લલનાને મુક્ત કરાવી

વિશાલ પટેલ

કામરેજ: કામરેજમાં ચાલતાં કુટણખાના પર કામરેજ પોલીસે દરોડા પાડી પાંચ રૂપલલનાને છોડાવી છ ગ્રાહક પકડી પાડયા હતા.

કામરેજ પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ પરમારને બાતમી મળી હતી કે કામરેજ કેનાલ રોડ પર બાપા સીતારામ ચોક નજીક આવેલા એમ.જી ડ્રીમ્સના ત્રીજા માળ પર આવેલા અનમોલ વેલનેસ સેન્ટરની દુકાન નંબર 320 માં આકાશ અંકુશ ધનવાડે અને પંડિત કુટણખાનુ ચલાવે છે. જેના આધારે કામરેજ પી.આઈ રામ ગોજીયાએ સ્ટાફ સાથે ત્યાં દરોડો પાડતાં હરેશ ગભરૂ પરમાર (ઉ.વ.34,રહે.206,નીલકંઠ સોસાયટી,પુણા ગામ) અને ગોધારામ માંગીલાલ દેવાસી (ઉ.વ.30,ગલી નંબર-3, વિપુલનગર લસકાણા ,મુળ રહે.રાયકાકી ઢાણી દેવાસી કા સવાસ,જિ.પાલી,રાજસ્થાન), વિપુલ જયંતી સોન્ડાગર (ઉ.વ.25, મકાન નંબર 79,વરાછા રોડ લંબે હનુમાન રોડ, મૂળ રહે.નાગેશ્રી, જિ.અમરેલી), યશ દિલીપ મીરગે (ઉ.વ.19,રહે.કોસાડ આવાસ), હિતેશ નાગજી પરમાર (ઉ.વ.34,રહે.ઘર નંબર 206,નીલકંઠ સોસાયટી,પુણા ગામ), ઘનશ્યામ મગન કોટડિયા (ઉ.વ.23,રહે.મકાન નંબર 404,વિક્રમનગર સોસાયટી,વિભાગ-4,વરાછા)ને પકડી પાડવામાં આવ્યા હતા. જ્યારે પાંચ રૂપલલનાને પોલીસે મુકત કરાવી હતી. કુટણખાનુ ચલાવતા આકાશ અંકુશ ધનવાડે અને પંડિતને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

કપાસીના સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પાસ

મહિલા સરપંચ તેજલ પટેલ સામે અન્ય ૪ સભ્યો દ્વારા દરખાસ્ત મુકવામાં આવી હતી

સાયણ: ઓલપાડ તાલુકાની કપાસી ગ્રુપ ગ્રા.પં.માં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી રાજકીય ગરમા-ગરમીનો અંત આવ્યો છે. કોંગ્રેસ જૂથની મનાતી ગામની મહિલા સરપંચ તેજલબેન વિવેકભાઈ પટેલ વિરૂધ્ધ અગાઉ રજુ થયેલ અવિશ્વાસની દરખાસ્ત સોમવારે મળેલી ગ્રા.પં.ની ખાસ સભામાં બહુમતિથી પસાર થઈ ગઈ હતી.

કપાસી ગ્રુપ ગ્રા.પં.ના ૦૮ વોર્ડ સભ્યો દ્વારા અગાઉ ગત તા. 17મી માર્ચના રોજ મહિલા સરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. ટીડીઓ સમક્ષ મુકાયેલા આ પ્રસ્તાવને મંજૂરી મળ્યા બાદ સરપંચે 15 દિવસમાં ખાસ સભા બોલાવવાની હતી પરંતુ આ મહિલા સરપંચ તેજલ વિવેક પટેલે તેની અવગણના કરી સભા બોલાવી નહોતી. જેને કારણે ઓલપાડ ટીડીઓએ તા.1લી એપ્રિલના રોજ આદેશ કર્યો હતો કે તા.11મી મેના રોજ ગ્રામ પંચાયતની ખાસ બેઠક બોલાવવામાં આવે. ટીડીઓના આદેશને પગલે આજે આ ખાસ સભા મળી હતી.

ઓલપાડ તાલુકાના ઈન્ચાર્જ વિસ્તરણ અધિકારી રાજેશ બોદર્યાના અધ્યક્ષ સ્થાને મળેલી આ સભામાં હાજર 8 સભ્યોએ સરપંચની વિરૂદ્ધમાં મતદાન કર્યું હતું. જ્યારે સરપંચને પોતાનો જ એક મત જ મળતાં અવિશ્વાસનો પ્રસ્તાવ મંજૂર થઈ ગયો હતો. જેથી ગામના તલાટી કમ-મંત્રીએ આ સમગ્ર પ્રક્રિયાની સત્તાવાર નકલ તા.વિ. અધિકારીને આગળની કાર્યવાહી માટે મોકલી આપી છે. જેના પગલે આગામી દિવસોમાં સરપંચપદ પરથી તેજલબેન વિવેકભાઈ પટેલને દૂર કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

અંકલેશ્વરની કેડીલા ફાર્મા કંપનીને ક્લોઝર નોટિસ અપાઇ

આગમાં બે કામદારો દાઝી ગયા હતા, એફએસએલ દ્વારા તપાસ શરૂ કરાઈ

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કેડિલા ફાર્માસ્યુટિકલ કંપનીમાં થયેલી બ્લાસ્ટ બાદ આગની ગંભીર ઘટનાને લઈ હવે તપાસનો દોર તેજ બન્યો છે. કંપનીના એમપીપી-૨ પ્લાન્ટમાં બનેલી ઘટનામાં બે કામદારો ગંભીર રીતે દાઝી જતા સમગ્ર ઔદ્યોગિક વિસ્તારમાં ચિંતા ફેલાઈ હતી. ઘટનાને પગલે એફએસએલની ટીમ દ્વારા વૈજ્ઞાનિક તપાસ શરૂ કરવામાં આવી છે, જ્યારે ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે કંપની સામે કડક વલણ અપનાવી ક્લોઝર નોટિસ ફટકારી છે.

મળતી માહિતી મુજબ કેડિલા ફાર્મા કંપનીના એમપીપી-૨ પ્લાન્ટમાં બે દિવસ અગાઉ સોડિયમ કાર્બોનેટ લોડિંગની કામગીરી ચાલી રહી હતી ત્યારે અચાનક જોરદાર બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ બાદ પ્લાન્ટના ભાગમાં આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. ઘટનામાં ફરજ પર રહેલા બે કામદારો ગંભીર રીતે દાઝી ગયા હતા. તાત્કાલિક અન્ય કર્મચારીઓ અને સેફ્ટી સ્ટાફ દ્વારા આગ પર નિયંત્રણ મેળવવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી તેમજ ઇજાગ્રસ્ત કામદારોને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતા જ અંકલેશ્વર પોલીસ, ફાયર વિભાગ તેમજ ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. ઘટનાની ગંભીરતા જોતા આજરોજ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમને પણ તપાસ માટે બોલાવવામાં આવી હતી. ટીમ દ્વારા પ્લાન્ટમાંથી નમૂનાઓ એકત્ર કરી બ્લાસ્ટના મૂળ કારણો જાણવા માટે વૈજ્ઞાનિક તપાસ શરૂ કરવામાં આવી છે. ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે પ્રાથમિક તપાસમાં સેફ્ટી નિયમોના પાલન અંગે ગંભીર પ્રશ્નો ઉભા થતા કંપનીને ક્લોઝર નોટિસ ફટકારી હોવાનુ જાણવા મળ્યુ છે. વિભાગ દ્વારા પ્લાન્ટની કામગીરી તાત્કાલિક અસરથી બંધ રાખવા તથા સંપૂર્ણ સેફ્ટી ઓડિટ પૂર્ણ થયા બાદ જ કામગીરી શરૂ કરવાની સૂચના આપવામાં આવી છે.

નવાપુરમાં કાપડની ફેક્ટરીમાં ભીષણ આગ , કરોડોનું નુકસાન

નવાપુર નગરપાલિકા પાસે એક જ ફાયર ફાઇટર હોવાથી આગને કાબુમાં લેવામાં મુશ્કેલી પડી

શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું અનુમાન , મંદીને કારણે ફેક્ટરીમાં માલનો મોટો સ્ટોક હતો

વ્યારા: તાપી જિલ્લાની બોર્ડર નજીક આવેલા મહારાષ્ટ્રના નવાપુર શહેરની એમઆઈડીસી વિસ્તારમાં બે વર્ષ પહેલાં શરૂ થયેલી નિજો ફેશન પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં સોમવારે બપોરે 12 કલાકે કામદારો કામ કરી રહ્યા હતા. ત્યારે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે તેની બાજુમાં આવેલી એક ફેક્ટરીને પણ ચપેટમાં લીધી હતી. જેથી ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા.

ઘટનાની જાણ થતા જ નવાપુર નગરપાલિકાનું અગ્નિશમન દળ ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. જોકે, નવાપુર નગરપાલિકા પાસે માત્ર એક જ ફાયર ફાઇટર હોવાથી આગ પર કાબૂ મેળવવામાં ભારે મુશ્કેલી પડી હતી. પરિસ્થિતિની ગંભીરતા જોઇને પાણી પુરવઠા સભાપતિ શરદ રાજપૂતે તાત્કાલિક સોનગઢ, સાકી અને નંદુરબારથી વધારાના ફાયર ફાઇટરો મંગાવ્યા હતા. સ્થાનિક નાગરિકો અને અન્ય કંપનીના કામદારોએ પણ આજુબાજુની દુકાનોમાંથી સામાન બહાર કાઢવામાં અને આગ ઓલવવામાં મદદ કરી હતી. ઘટનાની જાણ નવાપુરના મામલેદાર દત્તાત્રય જાધવ અને પી.આઈ.અભિષેક પાટીલને થતાં તેઓ ટીમ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વહીવટી તંત્રએ ભીડને કાબૂમાં લીધી હતી અને અગ્નિશમન કામગીરીને વેગ આપ્યો હતો. કંપનીના માલિકના જણાવ્યા અનુસાર, આ આગમાં મશીનરી, કાચો માલ અને તૈયાર કાપડ બળીને ખાખ થઈ જવાથી કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

સદ્નસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ નથી થઈ હતી. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે, પરંતુ પોલીસ અને ફાયર વિભાગ દ્વારા તેની ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. પંચનામા બાદ નુકસાનનો અંદાજ સામે આવશે. છેલ્લા કેટલાક સમયથી કાપડ બજારમાં મંદીનો માહોલ હોવાથી તૈયાર માલનો જોઈએ તેટલો ઉપાડ થતો ન હતો. આ કારણે ફેક્ટરીમાં તૈયાર કપડાનો મોટો જથ્થો સ્ટોક તરીકે રાખવામાં આવ્યો હતો. કંપનીના માલિકને આશા હતી કે સ્થિતિ સુધરતા આ માલ સુરતના માર્કેટમાં મુકવામાં આવશે, પરંતુ તે પહેલા જ કુદરતે રુદ્ર રૂપ ધારણ કરતા અત્યારે કંપનીના માલિકને ભારે આર્થિક અને માનસિક મુશ્કેલીમાં મુકાયા છે.

નવાપુર એમઆઈડીસી મોટું ઈન્ડસ્ટ્રિયલ ઝોન પરંતુ સુરક્ષાના નામે મીંડું

આ ઘટનાએ નવાપુર એમઆઈડીસીમાં સુરક્ષાના સાધનોના અભાવને ઉજાગર કર્યો છે. સુરતના ઘણા ઉદ્યોગપતિઓ અને સ્થાનિકોમાં રોષ છે કે આટલા મોટા ઇન્ડસ્ટ્રિયલ ઝોન માટે પૂરતી અગ્નિશમન સુવિધા કેમ નથી? આ ભયાનક દુર્ઘટના બાદ હવે વહીવટી તંત્ર જાગશે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ રોકવા માટે પગલાં લેશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

GNFCની સુવર્ણ જયંતી નિમિત્તે લોગોનું અનાવરણ

નર્મદા ટાઉનશિપ ખાતે કાર્યક્રમ યોજાયો, ઉચ્ચ અધિકારીઓની સાથે કર્મચારીઓ પરિવાર સહિત હાજર રહ્યા

ભરૂચ: ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડએ રવિવારે સ્થાપનાના 50 વર્ષ પૂર્ણ કરીને સુવર્ણ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરી. નર્મદાનગર ટાઉનશિપ ખાતે આયોજિત કાર્યક્રમમાં શોભાયાત્રા અને કંપનીના નવા લોગોનું અનાવરણ કરાયું. સાંજે 5.30 કલાકે જી.એન.એફ.સી. ગીત સાથે શરૂ થયેલા કાર્યક્રમમાં કંપનીના અધિકારીઓ અને એમ્પ્લોઇઝ યુનિયનના સભ્યોએ સંયુક્ત રીતે 'સુવર્ણ જયંતિ વર્ષ'ના વિશેષ લોગોનું અનાવરણ કર્યું. ત્યારબાદ લીલી ઝંડી બતાવીને ટેબ્લો સરઘસનું પ્રસ્થાન કરાવાયું.

શોભાયાત્રામાં જી.એન.એફ.સી. ની સ્થાપના, સિદ્ધિઓ, સામાજિક ઉત્તરદાયિત્વ અને તકનીકી પ્રગતિ દર્શાવતા આકર્ષક ટેબ્લો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહેમાનોએ કંપની માટે જણાવાયું કે, "50 વર્ષની આ સફરના સાચા હકદાર કર્મચારીઓ, તેમના પરિવારજનો અને સ્ટેકહોલ્ડર્સ છે. સુવર્ણ જયંતી માત્ર એક સીમાચિહ્ન નથી, પરંતુ ગ્રીન ટેકનોલોજી અને નવીનતા દ્વારા ઉજ્જવળ ભવિષ્ય તરફની પ્રતિબદ્ધતા છે. આ 'ગોલ્ડન જ્યુબિલી' માત્ર એક સીમાચિહ્ન નથી, પણ ગ્રીન ટેકનોલોજી અને નવા ઈનોવેશન્સ દ્વારા એક ઉજ્જવળ ભવિષ્ય તરફ પ્રયાણ કરવાની અમારી કટિબદ્ધતાનું પ્રતીક છે." કાર્યક્રમમાં કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માસમામાંથી લોખંડની પાઇપ ચોરનાર બેની ધરપકડ

સાયણ: સુરત શહેરના કતારગામ વિસ્તાર માં ગજેરા સ્કૂલ પાસેની ધનરાજ નગર સોસાયટીમાં અનિરુદ્ધસિંહ દેવસંગ ચૌહાણ માસમા ગામની સીમમાં સાંઇ શ્રધ્ધા વિભાગ-૧ ના પ્લોટ નંબર ૧ અને ૨માં તેમનો કન્સ્ટ્રકશનનો સામાન મૂકે છે. ગઇ તારીખ ૦૨ મે ના રોજ એકટિવા પર આવેલા બે ચોર રૂ.૭,૫૦૦ની કિંમતના પાઇપ ચોરી ગયા હતાં. જેની ફરિયાદ ઓલપાડ પોલીસ મથકમાં નોંધાઇ હતી. દરમિયાન અ.હે.કો અશોક ગણપતની પોલીસ ટીમને સંયુક્ત બાતમી મળી હતી કે,આ ગુનામાં સંડોવાયેલ બે આરોપીઓ એકટીવા મોપેડ ઉપર લોખંડના પાઇપો લઇને માસમા ગામની સીમમાં વલકલ નહેરવાળા રસ્તાથી કિરણ મેડિકલ કોલેજ તરફ જવાના છે. જેના આધારે પોલીસે બંનેને અટકાયતમાં લઇ પૂછપરછ કરતાં તેમણે માસમાની ચોરીની કબૂલાત કરી લીધી હતી. પોલીસના જણાવ્યા અનુસાર પકડાયેલા આરોપીઓમાં અર્પિત નટુભાઇ લોડલીયા (ઉ.વ.૨૪)તથા રાજ કલ્પેશભાઇ ધાનાણી(ઉ.વ.૨૩) નો સમાવેશ થાય છે. આ બંને મૂળ ભાવનગરના વલભીપુર તાલુકાના કલ્યાણપુરના રહેવાસી છે અને હાલ કોસાડના શ્રુષ્ટિ રો-હાઉસ પાસેના સ્વસ્તિક પાર્ક એપાર્ટમેન્ટના એ/૨-૪૦૧ માં રહે છે.

'અભયમ'એ ઈન્સ્ટાનું વ્યસન છોડાવ્યું

અંકલેશ્વરમાં એક માતા-પિતા માટે ડિજિટલ યુગમાં ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો

ભરૂચ : અંકલેશ્વર તાલુકામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેણે માતા-પિતા માટે ડિજિટલ યુગની ગંભીર ચેતવણી રૂપ છે. સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમ્સના વ્યસનને કારણે 10મા ધોરણમાં અભ્યાસ કરતી 16 વર્ષની કિશોરીનું જીવન લગભગ ધૂંધળું બની ગયું હતું. પરિવાર અને અભ્યાસ બંનેથી દૂર થઈ ચૂકેલી આ કિશોરીને સમજાવવા માટે માતાએ આખરે 181 અભયમ હેલ્પલાઈનનો આશરો લીધો.

કિશોરી મોડી રાત સુધી મોબાઈલમાં વ્યસ્ત રહેતી, મિત્રો સાથે ચેટિંગ કરતી, અને જ્યારે માતા-પિતા ટોકતા તો ઝઘડો કરીને ઘર છોડી જવાની ધમકી આપતી. સ્થિતિ એટલી બગડી હતી કે તેને સુધારવા માટે ગામડે પણ મોકલવામાં આવી, પરંતુ ત્યાં પણ શાળાએ જવાના બહાને તે સોશિયલ મીડિયામાં ડૂબી રહેતી.

ઘટનાની ગંભીરતા સમજીને અભયમ ટીમે કિશોરી સાથે મૈત્રીપૂર્ણ વાતાવરણમાં વાતચીત કરી. ટીમે તેને સમજાવ્યું કે સોશિયલ મીડિયાની આકર્ષક દુનિયા ઘણીવાર જાળ સાબિત થાય છે. સાયબર ક્રાઈમ, બ્લેકમેઈલિંગ અને ઓળખનો દુરુપયોગ જેવા જોખમોથી તેમજ સમયસર કારકિર્દી પર ધ્યાન ન આપવાના ગંભીર પરિણામોથી કિશોરીને વાકેફ કરવામાં આવી.

લાંબી કાઉન્સેલિંગ બાદ કિશોરીને પોતાની ભૂલ સમજાઈ. તેણે સ્વેચ્છાએ પોતાના તમામ સોશિયલ મીડિયા આઈડી ડિલીટ કર્યા અને મોબાઈલનો મર્યાદિત ઉપયોગ કરવાનો તથા સંપૂર્ણ ધ્યાન અભ્યાસમાં આપવાનો લેખિત બાંહેધરી આપ્યો. વિખરાઈ રહેલા પરિવારે દીકરીમાં આ સકારાત્મક પરિવર્તન જોઈને અભયમ ટીમનો હાર્દિક આભાર માન્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

પાલેજના વતની ઇલ્યાસ બુટવાળા લંડનમાં કાઉન્સિલર ચૂંટાયા

ભરૂચ : UK - લંડન શહેરની સ્થાનિક કાઉન્સલિંગ ચૂંટણીમાં મૂળ ભરૂચ જીલ્લાના પાલેજના વતની અને વર્ષોથી યુકેમાં વસવાટ કરતાં ઇલ્યાસભાઈ બુટવાળા અપક્ષ ઉમેદવાર તરીકે કાઉન્સિલર ચૂંટાયા છે. તેમણે મજબૂત મતોના આધારે સ્થાનિક રાજકારણમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. લંડનના આ વિસ્તારમાં ભારતીય મૂળના ઉમેદવાર તરીકે તેમની જીતથી પ્રવાસી ગુજરાતી સમુદાયમાં ખૂબ ઉત્સાહ જોવા મળ્યો છે.ગુજરાતના પાલેજ ગામમાં તેમના સ્વજનો અને ગ્રામજનોએ આ સિદ્ધિ બદલ ખુશી વ્યક્ત કરી છે.

ગુજરાત પ્રદેશની સહકાર ભારતી બેઠક કોસંબા નજીક મળી

ઇબ્રાહીમ કાનુ

હથોડા : કોસંબા નજીકના ધામડોદ ખાતે પીપી સવાણી યુનિવર્સિટી ખાતે સહકાર ભારતી ગુજરાત પ્રદેશની એક મહત્વની બેઠક મળી હતી. જેમાં સુરત વડોદરા અને નવસારી વિભાગના સંયોજકો સહસંયોજકો જિલ્લા અધ્યક્ષો ઉપાધ્યક્ષો મંત્રીઓ સંગઠન પ્રમુખો કોશા અધ્યક્ષો પ્રકોષઠ પ્રમુખો અને મહિલા પ્રમુખો એ હાજરી આપી હતી. મળેલી બેઠકમાં ગુજરાત રાજસ્થાનના પ્રચારક જીવણભાઇ ગોલે. પ્રદેશ મહામંત્રી જયંતીભાઇ કેવટ. તથા દક્ષિણ ગુજરાતના સંયોજક સંયોજક પ્રવીણભાઇ ટેલર તથા દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓના અધિકારીઓના સંગઠન અગ્રણીઓ હાજર રહ્યા હતા.

સમસ્ત આદિવાસી સમાજ દ્વારા પ્રથમ વખત રાજપીપલા ખાતે સમુહ લગ્ન

દીપલ સોની

રાજપીપળા : સાંસદ મનસુખભાઈ વસાવાની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ચન્દ્રશોભા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સમસ્ત આદિવાસી સમાજ દ્વારા પ્રથમ વખત રાજપીપલા જિન કમ્પાઉન્ડ ખાતે સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું . આ સમૂહલગ્નોત્સવ પ્રસંગે કુલ 59 જોડાઓએ પ્રભુતામાં પગલાં પાડ્યાં હતાં. આ સમૂહ લગ્નમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ તમામ જોડાઓ લગ્નગ્રંથીથી જોડાયાં હતાં. આ પ્રસંગે સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્ય ડો દર્શનાબેન દેશમુખ અને અન્યા આદિવાસી સમાજના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.બન્ને આગેવાનોએ એ નવ દંપત્તિને આશિર્વાદ પાઠવી આદિવાસી સમાજ આગળ આવે અને દેશના વિકાસમાં યોગદાન આપે એવી શુભકામના પાઠવી આજના લખલૂંટ ખર્ચા વાળા લગ્નો સામે કરકસરવાળા ઓછા ખર્ચાથી થતા આ આદિવાસી સમાજના સમૂહ લગ્નોને આવકાર્યા હતાં આ પ્રસંગે દાતાઓ તરફથી કન્યાદાનમાં ઘર સંસારની ચીજવસ્તુઓ પણ આપવામાં

PMને 'સરદાર રત્ન એવોર્ડ'નો વિરોધ કરનાર બેની અટકાયત

ભરૂચના આપના આગેવાનો દીપક પટેલ અને પિયુષભાઈએ સોશિયલ મીડિયા પર વિરોધ કર્યો હતો

ભાજપ દ્વારા પોલીસના દુરૂપયોગનો બંને આગેવાનોનો સોશિયલ મીડિયામાં આક્ષેપ

ભરૂચ: ભરૂચ શહેરમાં સરદાર પટેલ ભવન અને સરદારધામ 3ના લોકાર્પણ કાર્યક્રમ તેમજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પાટીદાર સમાજના અમુક આગેવાનો દ્વારા 'સરદાર રત્ન એવોર્ડ' થી સન્માનિત કરવાના નિર્ણયનો સોશિયલ મીડિયાના માધ્યમથી વિરોધ કરનાર આમ આદમી પાર્ટીના આગેવાનો દીપક પટેલ અને પિયુષભાઈની પોલીસે વહેલી સવારે અટકાયત કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ગત રાતથી જ ભરૂચ પોલીસ દ્વારા આ નેતાઓ પર નજર રાખવામાં આવી રહી હતી અને આજે વહેલી સવારે 6 વાગ્યાના અરસામાં એલસીબીના અધિકારીઓએ તેમના ઘરે પહોંચીને બંને આગેવાનોને ડીટેઈન કરી ભરૂચના સી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે બેસાડી દીધા હતા. આ ઘટના બાદ પોલીસ સ્ટેશનમાંથી જ એક વિડીયો સંદેશ જારી કરતા દીપક પટેલ અને પિયુષભાઈએ રાજ્યની ભાજપ સરકાર અને પોલીસ તંત્ર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, લોકશાહીમાં વિપક્ષ કે સમાજના કોઈપણ વ્યક્તિ સત્ય બોલે તો તાત્કાલિક ધોરણે પોલીસને આગળ કરીને તેમનો અવાજ દબાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. પાટીદાર સમાજના કેટલાક આગેવાનો પર નિશાન સાધતા તેઓએ જણાવ્યું હતું કે જો સમાજના આગેવાનો રાજનીતિના આગેવાન બનીને કામ કરશે તો તેમનો પણ સખત વિરોધ કરવામાં આવશે

રાધિકા રાઠવાની ધરપકડનો વિરોધ એમએલએનો વિરોધ

દેડીયાપાડા : આદિવાસી નેતા રાધિકા રાઠવાના સમર્થનમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ કડક વલણ અપનાવ્યું છે. તેમણે કહ્યું કે, ખોટી એફઆઈઆરોથી અમે ડરવાના નથી, અમે લડવાવાળા લોકો છીએ. તેમણે ચેતવણી આપી કે જો રાધિકા રાઠવાની ધરપકડ કરવામાં આવી તો સમગ્ર આદિવાસી સમાજને એકઠો કરી દેવાશે. અમે મોટી સંખ્યામાં તમારી જેલોમાં આવવાના છીએ. તમારે મહિનો કે વર્ષ જેટલું રાખવાનું હોય એટલું અમને રાખજો, તેમણે પડકાર ફેંક્યો. વસાવાએ પોલીસ અધિકારીઓ પર પણ નિશાન સાધતા કહ્યું કે કેટલાક અધિકારીઓ કાયદા અને કોર્ટની પણ માનતા નથી, અને પોતાના સ્વાર્થ માટે કમલમમાં બેઠેલા નેતાઓના આદેશોનું પાલન કરે છે. તેમણે આરોપ લગાવ્યો કે છોટાઉદેપુરના એસપીના કહેવા પ્રમાણે, તેમના ઉમેદવારોને સામ-દામ-દંડ-ભેદની નીતિથી ભાજપમાં જોડાવા દબાણ કરવામાં આવે છે.

કામરેજના દાદા ભગવાન મંદિરમાં ચપ્પલ ગોઠવવાની મજૂરી કરનાર સાથે ઠગાઇ

બેંક લોન લઈ, દાગીના પચાવી 41.89 લાખની છેતરપિંડી

છેતરપિંડી કરનાર કામરેજના જ રાજેન્દ્ર જૈન સામે મજૂરી કરનાર અનિલ પ્રસાદની પોલીસ ફરિયાદ

કામરેજ: મુળ ઉત્તરપ્રદેશના વત ગામના વતની અને હાલ કામરેજ તાલુકાના દાદા ભગવાન રેસિડેન્સીમાં ફ્લેટ નં.408માં રહેતા અનિલ રામબ્રીજ પ્રસાદ વર્ષ 1999થી દાદા ભગવાન મંદિરમાં બુટ -ચપ્પલ ગોઠવવાની મજુરી કામ કરે છે. વર્ષ 2016માં કામરેજમાં સુર્યદર્શન સોસા.માં મકાન નં.101, 102માં રહેતા રાજેન્દ્ર જૈને તેને જણાવ્યું હતું કે, તમે કયાં સુધી મંદિરમાં ચપ્પલ સાચવવાનું અને ગોઠવવાનું કામ કરશો? તમારા પરિવારમાં છોકરાઓ પણ હશે તો મોટો ધંધો વિકસાવવો જોઈએ , એમાં હું તમને પુરેપુરો સહારો આપીશ, બસ, હું કહું એ પ્રમાણે કરવાનું અને તમાર પરિવારને કરોડપતિ બનાવી દઈશ. રાજેન્દ્ર જૈન ધીરે ધીરે 500 તો ક્યારેક 1000 રૂપિયા અનિલ પ્રસાદને આપતો હતો. ત્યારબાદ રાજેન્દ્ર જૈને બેંક ખાતાની પાસબૂક, ચેકબૂક પર અનિલ અને તેની પત્નીની સહીઓ કરાવીને પોતાની પાસે રાખી લીધી હતી. બાદમાં વર્ષ 2016થી અલગ અલગ કંપનીઓમાં 29,90,000ની લોન લઈને ધંધા માટે રૂપિયા ઉપાડી લીધા હતાં.

જ્યારે લોનના હપ્તામાં અનિલ પ્રસાદના રૂપિયા જતાં રહેતા હતાં. તેની ગામની જમીન વેચાવી દઈ 11 લાખ પડાવી દાગીના લઈ એક પણ રૂપિયો પરત નહીં કરતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો.

મંડળીના સભાસદો માટે ચુંટણી કાર્યક્રમ ની જાહેર નોટિસ

શ્રી તરસાડીયા જનસેવા કો. ઓ. ક્રેડિટ સોસાયટી લિ બારડોલી ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ની સને ૨૦૨૬ થી ૨૦૩૧ સુધીના પાંચ વર્ષ માટે કુલ ૧૮ (અઢાર) સભ્યોની ચુંટણી યોજાનાર છે. જે પૈકી ૧૫ સામાન્ય સીટ,૧ એસ. સી. અથવા એસ. ટી. બેઠક માટે અને ૨ મહિલા બેઠક અનામત રાખવામાં આવેલ છે. ચુંટણી કાર્યક્રમ સંસ્થાના નોટિસ બોર્ડ ઉપર તા ૧૩-૦૫-૨૦૨૬ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે. આ અંગે સર્વ સભાસદોએ નોંધ લેવા વિનંતી.

લિ.

સ્થળ :- બારડોલી — ચુંટણી અધિકારી

તારીખ ૧૧-૦૫-૨૦૨૬ — શ્રી ટી. જે. મૈસૂરિયા

શ્રી તરસાડીયા જનસેવા કો. ઓ ક્રેડિટ સોસાયટી લિ બારડોલી

Milano MULTIPLEX

બારડોલી

Raja Shivaji 02:00pm, 05:30pm, 10:00pm

Bhooth Bangla- 11:00am, 07:00pm

Dhabkaaro-Gujarati 12:00pm, 09:30pm

Krishnavataram Part 1 - The Heart 03:00pm, 06:00pm, 09:00pm

Daadi Ki Shaadi-10:00am,

Mortal Kombat 2- 01:00pm

Vaanki Chuki Love Story- 04:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333